# માલિકો જાગો
# લોકશાહીને બચાવો



## લોકશાહીનો આધાર

વર્તમાનમાં રાજતંત્ર દેશના ઉત્થાનમાં અક્ષમ તેમજ સામાજિક સમસ્યાઓના સમાધાનમાં અસફળ સિદ્ધ થઈ રહ્યું છે. એનાથી દેશની પ્રજા દુખી છે. એના માટે રાજનેતાઓને જ દોષ દેવો યોગ્ય નથી. આવશ્યકતા એ વાતની છે કે મતદાતા પોતાના વ્યક્તિગત લાભ, જાતિ, ક્ષેત્ર, સગાસંબંધી વગેરેની લાલચ છોડીને ઈમાનદાર અને યોગ્ય વ્યક્તિઓને પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટે. આ પુસ્તક મતદાતાઓને પોતાના યોગ્ય પ્રતિનિધિ ચૂંટવામાં મદદરૂપ બનશે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## માલિકો જાગો - લોકશાહીને બચાવો

લોકશાહી સંસારની સર્વોત્તમ શાસનપદ્ધતિ છે. એમાં જયાં સુધી સાર્વજનિક સુવિધા અને રાષ્ટ્ર વ્યવસ્થામાં વ્યતિરેક ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પોતાના ભાગ્યનું નિર્માણ પ્રજાના પોતાના હાથમાં રહે છે. આ ગુણો હોવા છતાં તેમાં ખામી એટલી છે કે જો મતદાતા શિક્ષિત અને સતર્ક ન હોય, તો ચતુર લોકો તેને ભોળવીને મત મેળવી લે છે અને લાભ પણ તે લોકો ઉઠાવે છે અને પ્રજાજનોના હિતની ઉપેક્ષા થાય છે. પ્રજાતંત્રનો લાભ લેવા અને તેનો પ્રાણ બની રહેવા માટે મતદાતાએ દૂરદર્શી, દેશભક્ત અને યોગ્ય નિર્ણય કરી શકવામાં સમર્થ બનવું જોઇએ, નહિ તો એ શાસનપદ્ધતિ સ્વાર્થી લોકોનો પોતાનો સ્વાર્થ પૂરો કરતા રહેવાનું સાધન માત્ર બની રહે છે. પ્રજા કષ્ટ ભોગવે છે તથા પછાત રહે છે.

પ્રજાતંત્રના અસલી માલિકોએ એટલે કે મતદાતાઓએ એ જાણવું જોઇએ કે તેમણે પોતાના કર્મચારી કેવા રાખવા છે અને તેમને ચૂંટતા પહેલા કંઈ તપાસ કરવી જોઇએ. એક રૂપિયાની માટીની હાંડલી ખરીદતી વખતે ટકોરા મારીને ચકાસીએ છીએ, તો પછી દેશની આટલી મોટી અબજો રૂપિયાની સંપત્તિની સારસંભાળ અને દેખભાળ કરવા માટે જેમને નિયુકત કરવાના છે તે પ્રતિનિધિની યોગ્યતા અને ઈમાનદારીની પણ કસોટી કરવી જોઇએ. આ પદ એટલું નાનું નથી કે તેના પર સમજયા વિચાર્યા વગર ગમે તેને બેસાડી દેવામાં આવે. આ દેશની ૧૨૫ કરોડ જનતાના જાનમાલ, પ્રભાવ, સ્તર વગેરેની જવાબદારી ગમે તેવા માણસોનાં હાથમાં સોંપી ના શકાય.

રાષ્ટ્રની સર્વાંગી વ્યવસ્થા તથા પ્રગતિના કાર્યની વિશાળતા અને મહત્તાને જયાં સુધી બરાબર સમજવામાં ન આવે અને પ્રતિનિધિઓની પાત્રતાના દૂરગામી પરિણામોને ધ્યાનમાં રાખીને પૂરતો વિચાર નહિ કરવામાં આવે, ત્યાં સુધી મત અને મતદાનની મહત્તા સમજમાં જ નહિ આવે. તેનો સદ્ઉપયોગ કદાપિ થઈ નહિ શકે. પ્રજાતંત્રના આધાર રૂપ મતદાતાની જવાબદારીની ગંભીરતાને જયાં સુધી સમજવામાં નહિ આવે ત્યાં સુધી લોકો યોગ્ય પ્રતિનિધિઓને ચૂંટી શકશે નહિ અને કંટાળીને લોકો આવી આઝાદી કરતા તો ગુલામી સારી હતી એવું કહેતા જોવા મળશે.

મતદાતાએ વિચારવું જોઇએ કે રાષ્ટ્રના વિકાસ કે વિનાશની જવાબદારી લોકશાહીએ તેને સોંપી છે. તે જો ધારે તો દેશને ઊંચે ઉઠાવવામાં તથા તેની પ્રગતિમાં ફાળો આપી શકે છે અથવા તો તેને પતનની ખાઈમાં પણ ધકેલી શકે છે. પાંચ વર્ષ પછી આવતી ચૂંટણીમાં તેને એ તક મળે છે. ચેક પર સહી કરતા પાંચ સેંકડ જ લાગે છે, પરંતુ તેનાથી જિંદગીભરની કમાણીના પૈસા બેંકમાંથી ઉપાડી શકાય છે. રજિસ્ટ્રારની ઑફિસમાં જઈ પાંચ જ મિનિટમાં સહી કરીને કોઈ પણ માણસ બાપદાદાની મિલકત વેચી શકે છે. મતદાનનું કાર્ય પણ યોગ્ય ચેક ઉપર સહી કરવા જેવું મહ્ત્વનું છે. મતદારો મત આપીને દેશના ભાગ્યને બદલી શકે છે. ઉમેદવારોને ભ્રામક વાતોથી કે લાલચથી ભરમાઈ જઈને જે માણસ અયોગ્ય ઉમેદવારને મત આપે તેને સમજદાર કઈ રીતે કહી શકાય ? દીકરીના લગ્ન વખતે છોકરાની તથા તેના કુટુંબની પૂરેપૂરી તપાસ કરવામાં આવે છે. ભારતમાતાનું ગૌરવ દીકરીથી પણ વધારે છે. તેની સત્તા જ્યારે કોઈના હાથમાં સોંપવાની હોય તો ખૂબ જ બુદ્ધિમત્તાપુર્વક વિચાર કરીને સોંપવી જોઇએ. આ સોંપવાની પ્રક્રિયાનું નામ જ મતદાન છે. તે એક પ્રકારનું ધર્મકાર્ય છે. તેને એક મહાયજ્ઞ સમજવો જોઇએ. મતદાન કરતી વખતે ધ્યાન રાખવું જોઇએ કે કોઈ કૂતરું કે શિયાળ તેને ખેંચી ન જાય. ખોટા ઉમેદવારને મત આપવાની આખા સમાજનું તથા દેશનું અહિત થશે. તે દાવાનળથી આપણું ઘર પણ નહિ બચે. વોટ માગતી વખતે નેતાઓ અનેક પ્રકારની ચતુરાઈ કરે છે, જેનાથી ભોળા મતદાતાઓ થોડાક પ્રલોભન અને ખોટા વચનોના ચક્કરમાં ફસાઈ જાય છે. મતદાતાઓએ દરેક ઉમેદવારને ઓળખવો જોઇએ અને વસ્તુસ્થિતિની પૂરેપૂરી તપાસ કર્યા પછી જ નિષ્પક્ષ ન્યાયાધીશની જેમ પોતાનો મત આપવો જોઇએ.

વોટ માગનારાઓ મતદારોના ભોળપણનો લાભ લેવા વિવિધ તરકીબો કરે છે. તેઓ જાતિવાદનો ઉપયોગ કરે છે. પોતાની જાતિવાળા લોકોને કહે છે કે પોતાના એ પોતાના જ હોય છે. હું તમારા સમાજનો છું, તમારો કુટુંબી છું, તેથી હું તમારું ભલુ કરીશ. મારાથી થઈ શકે તે બધાં જ કામ કરીશ. લોકો વિચારે છે કે જો તે ચૂંટાશે તો આપણી જાતિનું ભલું કરશે અને આપણી શાન વધશે.

આ રીતે નેતાઓ લોકોની ભાવનાઓને ઉશ્કેરે છે. ભોળા લોકો તેનાથી ભરમાઈ જાય છે. તેઓ એમ પણ કહે છે કે બીજી જાતિવાળા આપણને નીચા દેખાડવા માગે છે. હવે આપણે તેમને જડબાતોડ જવાબ આપવો જોઇએ. આ રીતે તેઓ સમાજમાં ફાટફૂટ પેદા કરીને પોતાની જાતિના વોટ મેળવી લે છે. આજકાલ આ જાતિવાદનું ઝેર આખા દેશમાં ફેલાયેલું છે. બદમાશ ઉમેદવારો આદર્શ તથા સિધ્ધાંતોની વાતો કરીને લાલચ, ખુશામત, દોસ્તી, દબાણ, ગુંડાગીરી વગેરેથી ચૂંટણી જીતી જાય છે.

પોતાની જાતિના હિત માટે તેમણે શું કર્યું ? પોતાના સમાજના કુરિવાજો દૂર કરવા માટે તેમણે કેટલું યોગદાન આપ્યું ? જાતિના દુખ તથા ગરીબ લોકોને આગળ લાવવા માટે તેમણે શું કર્યું ? આ બધી વાતોનું જો સરવૈયું કાઢવામાં આવે તો તે શૂન્ય હોય છે. ખરેખર શાસનમાં જાતિવાદનું કોઈ મહ્ત્વ ના હોવું જોઇએ. જો જાતિવાદને ભડકાવવામાં આવે તો દેશમાં દ્વેષ, વેરઝેર, વિરોધ વગેરે વધતા જશે અને દેશને ભયંકર નુકસાન થશે.

ઢગોનો ધંધો બધે જ ચાલે છે. ઠગવાની રીતો પણ અનેક હોય છે. ઠગ લોકો જૂની યુકિત પકડાઈ જતા નવી યુકિત શોધી કાઢે છે. તેઓ મીઠી મીઠી વાતો કહી પોતાને લોકોના શુભચિંતક ગણાવે છે. નાની મોટી લાલચો તથા ભેટો આપીને પોતાને ઉદાર તથા સજ્જન સાબિત કરે છે. લોકોને બહુ મોટો ફાયદો કરી આપવાના સ્વપ્નો દેખાડે છે. આ બધી યુકિતઓનો ઉપયોગ કરીને તેઓ ભોળા લોકોને પોતાની તરફ આકર્ષે છે અને તેમના મત મેળવવામાં સફળ થાય છે. પછી તેઓ દેશને લૂટે છે અને બરબાદ કરી નાખે છે.

દોસ્તીની આડમાં દુશ્મનાવટ રાખવાની આજે એક ફેશન થઈ ગઈ છે. જેને ઠગવાનો હોય કે પાડવાનો હોય તેની સાથે પહેલા મિત્રતા કરવામાં આવે છે. જ્યારે તે પોતાની ઉપર વિશ્વાસ કરવા લાગે ત્યારે તેને એવો ઝટકો મારે છે કે બિચારો પેલો માણસ ઉંધા મોંએ પડી જાય. વોટ લેતા પહેલા જે ઉમેદવારો મોંની મીઠાશ વાપરી લોકોની ખુશામત કરે છે અને તેમને પોતાના ગણાવે છે, કલ્પવૃક્ષની જેમ તેમની બધી ઇચ્છાઓ પૂરી કરવાની આશા બંધાવે છે તેમાં કેટલો દમ હતો એ જો જોવું હોય તો

ચૂંટણી પછી ચૂંટાયેલા તે સજ્જનો ના રંગઢંગ તથા રીતભાત કોઈને સહેલાઈની સમજી શકાય છે. જો કે સાચી રીતે ચૂંટણી લડનારા ઉમેદવારો વિકાસના કાર્યક્રમોની વાતો લઈને જનતા પાસે જાય છે, તેઓ ઈમાનદાર પણ હોય છે, પરંતુ એવા લોકોની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી હોય છે.

હવે મતદાતાઓ ભોળા કે મૂર્ખ સાબિત ન થવું જોઇએ. દરેક ચૂંટણીમાં તેમના ભોળપણનો લાભ લઈને છળકપટથી ઉમેદવારો તેમને ઠગી ન જાય તે માટે તેમણે ખૂબ સાવધાન થઈ જવું જોઇએ. જો અયોગ્ય લોકોના માથે મુગટ પહેરાવવામાં આવે તો તેમની પાસેથી લોકહિતની કોઈ આશા રાખી શકાતી નથી. જે લોકો જુગાર રમે છે તેઓ અનેકગણા લાભની આશાથી જ રમે છે. ચૂંટણીઓમાં આડેધડ ખર્ચાતા પૈસા એક પ્રકારનો જગાર છે. તેમાં જીતવાની કોઈ ગેરંટી હોતી નથી. જેનું પરિણામ અનિશ્ચિત હોય તેને જ જુગાર કહેવાય છે. ચૂંટણીમાં જીત જ થશે એવો વિશ્વાસ રાખી શકાતો નથી. એમ છતાં લોકો અઢળક ખર્ચ કરે છે. તેની પાછળ અવશ્ય કોઈ મોટો દાવ હોવો જોઇએ. ઉમેદવાર જો એ દાવ હારી જાય તો પણ ધૂળમાં પડેલા પોદળાની જેમ તેને થોડોઘણો લાભ તો થઈ જ જાય છે. ચૂંટણીમાં આંધળો ખર્ચ કરનારા લોકોનો દૃષ્ટિકોણ આવો જ હોય છે. તેની પાછળ રહેલી કુટિલતાને લોકોએ સમજવી જોઇએ.

જો કોઈ ઈમાનદાર ઉમેદવાર દેશસેવા કરવાની ભાવનાથી પણ ચૂંટણીમાં એટલો બધો ખર્ચ કરતો હોય તો તે પણ યોગ્ય નથી કારણ કે છેવટે તો તે બધા ખર્ચનો ભાર ગરીબ લોકોએ જ ઉપાડવો પડે છે. આથી ચૂંટણીઓમાં વધારે પડતો ખર્ચ ન જ થવો જોઇએ.

હવે પ્રશ્ન એ છે કે આજે જે કાંઈ થઈ રહ્યું છે તેમાં પરિવર્તન લાવવું જ જોઈએ. લોકશાહીમાં જો પ્રજા ઇચ્છે તો સારું શાસન લાવી શકે છે અને તેના દ્વારા વ્યકિત તથા સમાજનાં સુખશાંતિને વધારીને દેશને ઉન્નતિના માર્ગે લઈ જઈ શકે છે, પરંતુ જ્યારે મતદાતા પોતાની જવાબદારી સમજશે ત્યારે જ એ શક્ય બનશે. મતદાનના રૂપમાં તેને બહુ મોટો અધિકાર તથા જવાબદારી મળ્યાં છે. પોતાના દેશના ભાગ્ય તથા ભવિષ્યનું નિર્માણ કરવામાં તે પોતાનો ફાળો આપી શકે છે,

એમ છતાં જો તેને તેનો ઉપયોગ કરતાં ના આવડે તો માનવું જોઈએ કે પોતાની સુરક્ષા માટે વાંદરાના હાથમાં તલવાર આપનાર રાજા જેવી ભૂલ આપણે પોતે પણ કરી રહ્યા છીએ. રાજાના મોં પર માખી બેઠી હતી તેને મારવા માટે વાંદરાએ તલવારનો ઘા કર્યો. તેનાથી રાજાનું નાક કપાઈ ગયું. અણસમજુ મતદાતા પણ વાંદરા જેવા જ સાબિત થાય છે. સળગતી દીવાસળી ગમે ત્યાં નાખી દેવાથી ભયંકર વિપત્તિ જ ઊભી થાય છે. બેદરકારીમાં કરેલી ભૂલ બહુ ભારે પડે છે. આથી સમાજ તથા રાષ્ટ્રની ઉન્નતિ તથા વિકાસના સૂત્રો કોને સોંપવા તે મતદારોએ ખૂબ સમજી વિચારીને કરવું જોઈએ. તેમણે દેવ અને દાનવનો ફરક સમજવો જોઈએ. કોને વોટ આપવો અને કોને ન આપવો તેના પર સંપૂર્ણ વિચાર કરીને દેશ અને સમાજના હિત તથા ભવિષ્યનું ધ્યાન રાખીને સુપાત્ર ઉમેદવારને જ ચૂંટવો જોઈએ, તો જ દેશમાં સુરાજ્યની સ્થાપના થશે અને આપણા સૌભાગ્યનો સૂર્યોદય થશે.

દેશના સાચા માલિકો તો જનતા જ છે, મતદારો જ છે. તેમણે વોટ આપવાના રૂપમાં પોતાને મળેલ અધિકાર અને તકનો દીર્ઘદૃષ્ટિપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. લોકશાહીની સફળતા માટે મતદાતા જવાબદાર બની પોતાના રાષ્ટ્રીય કર્તવ્યને સમજે અને તેને દ્રઢતાથી નિભાવે તે ખૂબ જરૂરી છે. યોગ્ય ઉમેદવારને જ મત મળે તે અત્યંત જરૂરી છે. જેના હાથમાં ન્યાય અને લોકોનું હિત સુરક્ષિત હોય એવા લોકોને જ ચૂંટવા જોઈએ. તેમને કથનીથી નહિ, પરંતુ કરણીથી ઓળખવા જોઈએ. તેમના અત્યાર સુધીના જીવન તથા કાર્યોને સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસવા જોઈએ. કોઈ ભયંકર રોગીની સાથે પોતાની પુત્રીના લગ્ન કરતું નથી. એવી જ રીતે જે લોકો નીતિ, સદાચાર અને આદર્શોની કસોટીમાંથી પાર ન ઊતરે તેમને કદાપિ મત આપવા ન જોઈએ.

સાચી વાત સામે આંખમીંચામણાં કરવાનો અર્થ એ છે કે રાજકીય અનીતિ અને બૂરાઈઓને છૂટો દોર આપવો. રાજસત્તા અનિયંત્રિત અને મહત્વાકાંક્ષી બને છે એમાં પ્રજાનો દોષ વધારે છે. પ્રજા અન્યાયને ચૂપચાપ સહન કરતી રહે છે તે તેની મૂર્ખતા છે. એના કારણે જ લોકશાહી નિષ્ફળ જાય છે.

જ્યારે માલિક ઊંઘતો હોય ત્યારે જ ચોરનો દાવ સફળ થાય છે. જે ઘરનો માલિક જાગતો હોય તે ઘરમાં ચોરી થતી નથી. લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોના હિત માટે લોકો દ્વારા જ સરકાર ચાલે છે. જો ખરેખર પ્રજાનું હિત ન થતું હોય અને મુઠ્ઠીભર લોકો જ સંપન્નતા તથા સગવડો પ્રાપ્ત કરતા હોય, જ્યારે બીજી બાજુ પ્રજાનાં કષ્ટો વધતાં જતા હોય તો સમજવું જોઈએ કે ક્યાંક મોટી ભૂલ થઈ રહી છે. આપણા દેશમાં મતદાતાઓની ગફલત અને ટૂંકી બુદ્ધિના કારણે જ એવી ભૂલ થાય છે. મતદાતા પોતાના અમૂલ્ય મતનો જો સમજી વિચારીને ઉપયોગ ન કરે તો તેને કઈ રીતે લાભ થાય ?મતદારોની બેદરકારીને દૂર કરવા માટે તથા તેમને જાગ્રત કરવા માટે બધાએ સહિયારો પ્રયત્ન કરવો જોઈએ, જેથી શ્રેષ્ઠ શાસનનો લાભ બધા પ્રજાજનોને મળે.

આજે ચૂંટણી જીતવા માટે એટલો બધો ખર્ચ કરવો પડે છે કે તે સામાન્ય માણસના હાથની વાત નથી. કાયદાકીય રીતે પ્રતિનિધિઓ અમુક જ ખર્ચ કરી શકે છે અને તેનો હિસાબ પણ આપવો પડે છે, પરંતુ તે બધું કાગળિયાં પર હોય છે. વાસ્તવિક ખર્ચ તો તેના કરતા હજારોગણો થતો હોય છે. લોકો પણ તે સારી રીતે જાણે છે. રેલીઓ, પોસ્ટરો, ભાષણ વગેરેમાં થતો ખર્ચ તો ગૌણ છે. અસલી ખર્ચ તો લોકોને પોતાની તરફ વાળવા માટે કરવામાં આવે છે. પ્રભાવશાળી લોકોને પોતાના પક્ષમાં જોડવા માટે કોણ જાણે કેટલું બધું ધન ખર્ચાય છે ? ચૂંટણીના દિવસે મતદારોને મફત સવારી, ભોજન તથા બીજી અનેક બાબતો પાછળ ગેરકાનૂની ખર્ચ બધું મોટા પ્રમાણમાં થાય છે તે આજે કોઈનાથી છૂપું નથી. દરેક ખોટા કામની વિરુદ્ધ કાયદાઓ તો બનેલા છે, પરંતુ તેમનો અમલ કેટલો થાય છે તે પ્રજા જાણે છે. અત્યારના સમયમાં ઓછા ખર્ચમાં ચૂંટણી જીતી શકાતી થી. જો કે એમાં અપવાદ હોઈ શકે, પરંતુ તેમની સંખ્યા નામ માત્રની હોય છે.

જયાં સુધી ચૂંટણીઓ ખર્ચાળ રહેશે ત્યાં સુધી ફકત ધનવાનો જ વિજયી થતા રહેશે. આદર્શવાદી જીવન જીવનાર તથા લોકસેવાની ભાવનાવાળો કોઈક વિરલો જ એટલાં બધા સાધનો ભેગાં કરી શકે છે. આ પરિસ્થિતિમાં જેઓ નિર્ભીક, નિષ્પક્ષ, શકિતશાળી તથા કોઠાસૂઝવાળા હોય, છતાં તેઓ ચૂંટણી લડી શકતા નથી.

કેટલાક રાજકીય પક્ષો પોતાના પ્રતિનિધિઓને ચૂંટણી લડવા પૈસા આપે છે. તે પૈસા જે લોકો પાસેથી આવ્યા હોય તેમનો પ્રભાવ તથા દબાણ પણ જે તે પક્ષ ઉપર રહે છે. એ લોકોની મદદ વગર એટલી બધી રકમ ભેગી કરવી મુશ્કેલ છે. વળી પાર્ટીએ આપેલા ફંડથી ચૂટણી જીતનાર ઉમેદવાર પોતાના સ્વતંત્ર નિર્ણયો લઈ શકતો નથી. તેણે બિચારોએ કઠપૂતળી બનીને રહેવું પડે છે. એ પરિસ્થિતિમાં સ્વતંત્ર ચિંતનનું કોઈ મૂલ્ય રહેતું નથી.

જો પક્ષ પાસેથી કે બીજી કોઈ બહારની મદદ ન લે તો ઉમેદવાર માટે એક જ વિકલ્પ બચે છે કે ચૂંટણીનો ખર્ચ ઓછામાં ઓછો કરવો અને તે જે તે ક્ષેત્રના મતદાતાઓ ભોગવે. જે ઉમેદવાર લોકહિત માટે ઈમાનદારીથી કામ કરવા માગતો હોય તેને ચૂંટણી માટે મોટી રકમ કાઢવા માટે મજબૂર ન કરવો જોઈએ, નહિ તો તેની ઈમાનદારી ટકી શકશે નહિ.

ચૂંટાયેલા પ્રતિનિધિઓને જે વેતન મળે છે તે તેમના કાર્ય સાથે જોડાયેલી જવાબદારીઓને પૂરી કરવા માટે આપવામાં આવે છે. તેમાંથી ચૂંટણીનો ખર્ચ કાઢવા જેટલી બચત કરી શકાતી નથી.

જેને જે રાજનૈતિક પાર્ટીમાં રહેવું હોય તેમાં રહે. એનાથી કોઈ ફેર પડતો નથી. બધી રાજનૈતિક પાર્ટીઓ દેશભક્ત હોય છે, પરંતુ મૂળ વાત એ છે કે તે પક્ષના ઉમેદવારો સાચા અર્થમાં દેશભક્ત, ઈમાનદાર તથા કર્તવ્યપરાયણ હોવા જોઈએ. આજે રાજતંત્ર બહુ બદનામ થઈ ગયું છે અને તેને હલકું માનવામાં આવે છે, પરંતુ એક જમાનામાં રાજા રામચંદ્રજીએ પોતાના રાજયમાં સતયુગ જેવું વાતાવરણ સ્થાપ્યું હતું. આથી તે રામરાજ્ય કે ધર્મરાજ્ય તરીકે ઓળખાત હતું.

જો સારામાં સારું સંગઠન ખરાબ લોકોથી ભરાઈ જાય તો તેનું પરિણામ ખરાબ જ આવે છે. આથી કોઈ રાજનૈતિક પક્ષે પોતાના ઢંઢેરામાં શું લખ્યું છે એટલું જાણવું પૂરતું નથી. મૂળ વાત એ છે કે તે જાહેરાતોને ઈમાનદારીપુર્વક પૂરી કરનારા માણસો કેવા છે ? જો તેમનો સ્તર ઉંચો નહિ હોય તો કોઈ લાભ નહિ થા. તે બધું માત્ર કાગળ પર જ રહે છે.

આજકાલ નેતાઓ તેમના ખુશામીતયાઓ દ્વારા સારા દેખાવાનો પ્રયત્ન કરતા હોય છે. ચૂંટણી વખતે જનતાને છેતરવા માટે સારાને ખરાબ અને ખરાબને સારો સાબિત કરવા માટે જે પ્રયત્નો થાય છે તેનાથી આશ્ચર્ય થાય છે. ચૂંટણી સમયે જે કંઈ બને છે તેને બારીકાઈથી જોઈએ તો ખબર પડશે કે લોકને સુવ્યવસ્થિત રીતે ભરમાવવાનો ક્રમ ચાલતો હોય છે. આથી મતદાતાઓએ વસ્તુસ્થિતિનો તાગ મેળવવો જોઈએ. ઉમેદવારના પાછલા જીવનની પ્રવૃત્તિઓનું બારીકાઈની મૂલ્યાંકન કરવું જોઈએ. કોઈ માણસ એકાએક લોકસેવક, પરામાર્થી કે દેશભક્ત બની જતો નથી. તેની અંદર જેની પ્રવૃત્તિઓ હોય છે તેવું આચરણ કરવા મટો તે મજબૂર થઈ જાય છે. આથી પ્રજાએ જોવું જોઈએ કે તેનું ચરિત્ર, અંતઃકરણ અને લક્ષ્ય કેવાં છે ? વિદેશોમાં વ્યકિતગત અને સાર્વજનિક જીવનને જુદાંજુદાં માનવામાં આવે છે. વ્યકિતગત જીવનને સાર્વજનિક ક્ષેત્રની ચર્ચા ચાલે તો તેમાં વચ્ચે લાવવામાં આવતું નથી, પરંતુ ચિંતન અને ચરિત્ર પણ એક જ હોઈ શકે. આથી તેના વ્યકિતગત જીવનમાં દોષ દુર્ગુણો હોય છે તેની અસર તેના સાર્વજનિક જીવન પર અવશ્ય થાય છે.

ઉમેદવારને ચૂંટતા પહેલા તેની સક્રિયતા, સૂઝબૂઝ, લોકકલ્યાણની ભાવના, પ્રગતિશીલતા, પ્રતિભા, શિક્ષણ, યોગ્યતા, ઈમાનદારી એમ બધી બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. એ બધા ગુણો વગર તે સાચા અર્થમાં લોકસેવક બની શકતો નથી કે બીજાઓને યોગ્ય માર્ગદર્શન આપી શકતો નથી. જેનામાં ચરિત્રનિષ્ઠા, સચ્ચાઈ, ઈમાનદારી, સજ્જનતા તથા આદર્શો માટે દરેક પરિસ્થિતિનો સામનો કરવાનું સાહસ હોય તેને જ પોતાનો પ્રતિનિધિ બનાવવો જોઈએ. માત્ર શિક્ષણ, સંપન્નતા કે કુશળતાના આધારે જ કોઈને યોગ્ય ન માની શકાય. ઉમેદવારને તેના વ્યકિતગત ચરિત્ર, પાછલાં જીવનનાં તેના કર્મો તથા ભવિષ્યમાં આવનાર જવાબદારીઓનો નિર્વાહ કરવા યોગ્ય તત્પરતા અને કોઠાસૂઝની કસોટીથી પરખવો જોઈએ. બધા ઉમેદવારોમાં જે સૌથી વધારે યોગ્ય હોય તેના પક્ષમાં નિર્ણય લેવો જોઈએ. માથાભારે લોકોનું પલ્લું ભારે રહે છે. તેઓ બૂમબરાડા પાડીને વાતાવરણને બદલી નાખે છે. આજે રાજનૈતિક પક્ષોમાં રાગદ્વેષ વધી ગયા છે. જો સારા લોકો રાજકીય ક્ષેત્રમાં જશે તો તેમાં સુધારો થશે.

જો રાજકીય ઉમેદવારોમાં સદ્ભાવના, દીર્ઘદૃષ્ટિ તથા હળીમળીને કામ કરવાની ભાવના હોય તો થોડાક મતભેદો આડા આવતા નથી. પક્ષ જોવાના બદલે પ્રતિનિધિને તેના ચરિત્ર અને આદર્શોની કસોટી પર કસવો જોઈએ. જે ઉપયોગી તથા સર્વોત્તમ હોય તેને જ સમર્થન આપવું જોઈએ.

મતદાતાઓને તેમની જવાબદારી સમજવાનું અને રાષ્ટ્ર પ્રત્યેના કર્તવ્યોનું પાલન કરવાનું શિક્ષણ એક સુવ્યવસ્થિત આંદોલનના રૂપમાં આપવું જોઈએ. આપણે એક એવું અભિયાન ચલાવવું જોઈએ, જે બધા રાજનૈતિક પક્ષોથી તદ્દન સ્વતંત્ર હોય અને તેનો પાયો વિશુદ્ધ રૂપે દેશભકિત, ચરિત્રનિષ્ઠા તથા કર્તવ્યપાલન પ્રત્યે જાગરૂકતા પેદા કરવાનો હોય. તેમાં રાજનીતિ, ધર્મસંપ્રદાય તથા સામાજિક માન્યતાઓને વચમાં આવવા દેવી જોઈએ નહિ. બધા વર્ગોના વિચારશીલ લોકોએ પ્રજાતંત્રને શ્રેષ્ઠ અને ઉપયોગી બનાવવાના કાર્યનું મહત્વ સમજવું જોઈએ અને રાષ્ટ્રનિર્માણના આ મહત્વના કાર્યમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર વધુમાં વધુ યોગદાન આપવું જોઈએ.

મતદાતાઓને વોટનું મહત્વ સમજાવવું જોઈએ અને તેના સદુપયોગ કે દુરુપયોગના સારાખોટા પરિણામોને ઉદાહરણ સહિત સમજાવવા જોઈએ. અત્યાર સુધી રાજકીય પક્ષોએ તથા ઉમેદવારોએ લોકો પાસે વોટ તો માગ્યા છે અને પોતાની ઝોળી ભરી છે, પરંતુ મતદારનાં કર્તવ્યોનું જ્ઞાન કરાવવાનો અને મતદાનની પવિત્રતાના ગૌરવને સમજાવવાનો પ્રયત્ન કર્યો નથી.

કદાચ એનું કારણ એ પણ હોય કે જો મતદાર જાગરૂક થઈ જાય તો મોટાભાગના ઉમેદવારો એ કસોટીમાં ખોટા સાબિત થાય અને તેમનું પત્તું જ સાફ થઈ જાય. જો કે એ ભૂલને હવે સુધારવી જોઈએ. હવે નવેસરથી તે કાર્યની શુભ શરૂઆત કરવી જોઈએ.

મતદારોને માત્ર તેમની જવાબદારીઓ જ ન સમજાવવી જોઈએ, પરંતુ વ્યવસ્થિત અને યોગ્ય પ્રતિનિધિને પસંદ કરવાની વિધિવ્યવસ્થા પણ સમજાવવી જોઈએ.

ચૂંટાવા માટે આતુર તથા બીજાને ધક્કા મારીને પોતે આગળ નીકળી જવાની ભાવનાવાળા લોકોમાંથી કઈ વ્યકિત ચૂંટવા યોગ્ય છે એ લોકોને સમજાવવું જોઈએ. દૂધ અને પાણીને કઈ રીતે જુદા પાડવા તથા ઠગ લોકોને કઈ રીતે ઓળખવા તે કામ ખૂબ સમજદારીનું છે. વિવેકશીલ લોકોએ તેને પૂર્ણ કરવું જોઈએ. એ માટે એક એવું આંદોલન ચલાવવું જોઈએ, જેનાથી જે તે ક્ષેત્રની જનતા શ્રેષ્ઠ પ્રતિનિધિને ચૂંટણીમાં વિજયી બનાવવામાં સફળ થાય.

સ્વયંસેવકોએ ઘેરેઘેર જઈને લોકશાહીનું સાચું સ્વરૂપ અને તેમાં વોટના ઉપયોગનું મહત્વ સમજાવવું જોઈએ. લોકોને ઉમેદવાર વિશે જરૂરી જાણકારી આપે અને કોઈપણ જાતના દબાણ કે લાલચ વગર વિશુદ્ધ દેશભકિતની ભાવનાથી વોટ આપવા માટે મતદારોને તૈયાર કરે એવું એક સંગઠન બનવું જોઈએ.

મતદાનના દિવસે મતદાતાએ બીજા બધા કામ છોડીને મત આપવા માટે અવશ્ય જવું જોઈએ. પોતાનો યોગ્ય પ્રતિનિધિ ચૂંટવાનો પોતાને જે અમૂલ્ય અધિકાર મળ્યો છે તેનો ઉપયોગ કરવો જોઈએ. નિષ્પક્ષ મતદાન દ્વારા જ સાચી લોકશાહીની સ્થાપના થઈ શકશે અને આપણા દેશ તથા પ્રજાતંત્રનું મસ્તક ગર્વથી ઊંચું રહેશે.

## માલિકો જાગો - લોકશાહીને બચાવો-૨

નેતાવિહીન સમાજ હોતો નથી અને નેતાને માટે સમાજનું હોવું જરૂરી છે. તે પોતાના સ્વાભાવિક ગુણોથી તથા પોતાની ઉપયોગિતાને કારણે પૂજનીય હોય છે. વાસ્તવમાં તે -ગણપતિ- હોય છે, પરંતુ ગણપતિ બનવા માટે 'ગણાનાં ત્વા ગણપતિ' થવાને માટે તેનામાં કેટલાક ગુણો હોવા જોઈએ. ગણપતિ તે જ બની શકે છે, જે હાથી જેવા મોટા મોટા કાન ધરાવતો હોય, જેનાથી સંસારનું બધું જ સાંભળી શકાય. તેનાં નેત્ર એટલા નાના હોય કે સંસારની એબ ઘણી ઓછી નિહાળે.

સૂંઢથી ફૂંકી ફૂંકીને તે પગલું ભરે છે. આ છે ગણપતિના ગુણ. બધાં કાર્યોની શરૂઆત શરૂઆતમાં આવા ગણપતિનું પૂજન કરવાથી બધાં વિઘ્નોનો નાશ થાય છે અને તે ગણપતિની કૃપાથી બધાં કામ સિદ્ધ થાય છે. તેને આદર્શ માનીને ચાલવાથી દરેક મનુષ્યનું કલ્યાણ થાય છે.

આ પ્રાચીન ગણપતિને આપણાં શાસ્ત્રોને 'નેતા' કહ્યા છે. નેતા શબ્દ ઘણો જૂનો છે, આજનો નથી, પરંતુ જે સમયે શબ્દ બન્યો હતો તે સમયે મોટે ભાગે રાજા અને પુરોહિત જ નેતા બનતા હતા. આજે તો જે ગલી કે શેરીઓમાંથી કાંકરા પથ્થર વીણી લે તે નેતા હશે. વરસાદમાં જેમ દેડકાઓનું પૂર આવે છે તેમ લોકશાહીમાં નેતાઓનું પૂર આવ્યું છે. આપણા દેશમાં સ્વરાજ આવ્યું, પરંતુ આપણે સ્વરાજનું સુખ ભોગવી શકતા નથી. આનું કારણ એ છે કે આપણા જ આપણને સુખેથી બેસવા દેતા નથી. જયાં સમસ્યા નથી ત્યાં તે કોઈ ને કોઈ સમસ્યા પેદા કરી દે છે. જો આપણે લેશમાત્ર પણ સુખનો શ્વાસ લેવા માગીશું તો તેઓ નવી નવી સમસ્યાઓ ઊભી કરશે.

એક બીજી વાત પણ છે - દેશ તથા સમાજના ઉત્થાનનો આધાર નેતા પર હેલો છે. નેતા જો પથભ્રષ્ટ બને તો દેશ પણ પતન તરફ ધકેલાય છે. આ માટે બીજા કોઈ વિચારથી નહિ, તો પોતાના બચાવના વિચારથી પણ ઘણી તપાસ કરીને આપણો નેતા પસંદ કરવો પડશે. આજની આપણી ઘણી ખરી પરેશાનીઓનું મૂળ આપણો ખોટો નેતા પણ હોઈ શકે છે.

પરંતુ નેતા કેવી રીતે પેદા કરી કાય કે બનાવી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર આપવો કઠિન છે. આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે આપણે બે હજાર વર્ષ પાછળ જવું પડશે. તે સમયની ભારતીય સંસ્કૃતિએ ઘણું વિચારી-સમજીને નેતાની વ્યાખ્યા કરી હતી. નેતાનો અર્થ નક્કી કર્યો હતો, નેતા શબ્દનું ઘડતર કર્યું હતું અને કહ્યું હતું- "જે વ્યકિત નીતિનું પાલન કરશે અને અમલમાં મૂકશે તે જ નેતા હશે." પસંદગી કરવાની વસ્તુનું નામ નીતિ છે, સમ્યકરૂપે સુમાર્ગે ચલાવનાર સિદ્ધાંતનું નમ જ નીતિ છે. - 'કામન્દકીય નીતિસાર' ના બીજા સર્ગના શ્લોકમા લખ્યું છે- 'નયનાન્નીતિરુચ્યતે'

નીતિનો જાણનાર નેતા હોય છે. તે દંડ પણ કરે છે અને જે લોકો પથભ્રષ્ટ બને છે તેમને સજા કરવી એ પણ તેનું કર્તવ્ય છે. નીતિનું પાલન કરાવવા માટે કઠોર અનુશાસનની આવશ્યકતા હોય છે. જે રાજનૈતિક પક્ષમાં શિસ્ત ન હોય તથા અવગણના કરનાર માટે દંડનું વિધાન બહુ ઓછું હોય તે રાજનૈતિક પક્ષનું કોઈ ભવિષ્ય કહી શકાય નહિ. જે પોતાની નીતિનું શિસ્તપૂર્વક પાલન કરાવી શકતો નથી તે નેતા બની શકતો નથી તેના માટે કૌટિલ્યના અર્થશાસ્ત્ર પછી લખાયેલો ગ્રંથ 'કામન્દકીય નીતિસાર' જે કૌટિલ્યના અર્થશાસ્ત્રનો સાર છે તેમાં નેતાના ગુણ બતાવ્યા છે-

"જ્યારે દંડનીતિ સારી રીતે નેતામાં સ્થિર રહે છે ત્યારે તે વિદ્યાને જાણનારી બાકીની બધી વિદ્યાઓને પ્રાપ્ત થાય છે."

પ્રસિદ્ધ ચીની દર્શાનિક કન્ફ્યૂશિયસે પોતાના પુસ્તક કે લેખોમાં નેતાના ગુણ બતાવ્યા છે. તે લખે છે -

"જે દીર્ઘદૃષ્ટા નથી તે નિકટના પ્રશ્નોમાં પણ કષ્ટ અનુભવશે. જે કામની સફળતાની વાત પાછળથી વિચારે છે તે જ આદર્શ પુરુષ છે. પ્રાચીનકાલમાં માણસો આત્મોન્નતિ માટે શિક્ષણ મેળવે છે. જે માણસ સાચો છે, દૃઢ છે, સીધા રસ્તે ચાલે છે તથા બીજાઓની વાતો સાંભળીને મનમાં તેની સમીક્ષા કરે છે તે જ વ્યકિત દેશમાં, સમાજમાં તથા પરિવારમાં ઉચ્ચ સ્થાન મેળવી શકે છે તથા આગેવાન બની શકે છે"

કન્ફ્યુશિયસે આજથી ૨૪૦૦ વર્ષ પહેલાં જે વાત કહી હતી તેને કોઈ કેવી રીતે ટાળી શકે ? કોણ કહી શકે છે કે માનવીને માટે ઉપર લખેલી વ્યાખ્યા સિવાયનો કોઈ અન્ય પ્રકારનો નેતા જોઈએ ? મુશ્કેલી એ જ છે કે આપણે શાસ્ત્ર દ્વારા પ્રમાણિત નેતાને ખોળતા નથી, કદાચ આપણને મળે તો તેની કદર કરતા નથી. જેવો સમાજ હોય છે તેવો જ નેતા પણ પેદા થાય છે. જેને સાચા નેતાની આવશ્યકતા હોય તેણે પોતાનો સ્તર પણ ઊંચે લઈ જવો જોઈએ. ત્યારે જ આપણને સાચું સુખ તથા શાંતિ આપનાર નેતા પ્રાપ્ત થશે અથવા જો મળ્યો હોય તો તેનાથી સુખ પ્રાપ્ત થશે. આજે જનતા પ્રામાણિક, આદર્શવાદી તથા સેવાભાવી નેતાની પસંદગી કરે.

## અભિનેતા નહિ, નેતા બનો

નેતા અને અભિનેતા વચ્ચે થોડોક તફાવત છે. સાચું પુછો તો 'અભિ' શબ્દ વધારાનો આવતા તેનું મહત્વ વધતું લાગે, પણ વાસ્તવિકતા એવી નથી. નેતાને પોતાના ત્યાગ, પુરુષાર્થ, આદર્શ અને સાહસના બળે લોકોના અંતઃકરણમાં એટલાં ઊંડાં મૂળ જમાવવા પડે છે કે જેના આધારે તેની શ્રધ્ધા તથા વિશ્વાસ હંમેશા અખંડ બની રહે અને અનુકરણની, આદેશપાલનની ઉત્કંઠા જાગે. તે સમર્થન તથા સહયોગ આપવામાં આનાકાની કરે નહિ, અનુકરણની ઉત્કંઠા રોકી શકે નહિ અને સાથે કદમ ભરીને મદદ કરતાં કરતાં સાથે ચાલવા લાગે.

અભિનેતાઓ અંદરથી પોલા અને બનાવટ કરવામાં ચતુર હોય છે. વાણીના ઉપયોગ દ્વારા પોતાની ધાક જમાવે છે. જુદા જુદા વેશ તથા હાવભાવનું પ્રદર્શન કરે છે. વચ્ચે વચ્ચે આત્મપ્રશંસા એવી કરતા રહે છે, જેનાથી અજાણ્યા લોકોને નિરીક્ષણ, પરીક્ષણના અભાવે તેના પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન થવા લાગે અને જો તે નેતા ઉપર કદાચ વિશ્વાસ ન કરે તો પ્રશંસા તો કરવા જ લાગે. તેના સાથીઓ વધારી વધારીને તેમનો પરિચય આપે છે, જેનાથી થોડુંક સંમોહન પેદા થાય છે.

એટલાં કલાકૌશલના આધારે અનેક લોકો નેતા બનવાનો પ્રયત્ન કરે છે, પણ સેવા અને ચરિત્રના અભાવે તેઓ તે કલાઈને (ઢોળને) લાંબા સમય સુધી સ્થિર રાખી શકતા નથી. તપાસની થોડીક ગરમી લાગતા જ તે કલાઈ ઉડી જાય છે. ઢોળની પોલ ખુલ્લી કરવામાં એક નાની સરખી લાકડીની ટોચ પૂરતી છે. કાગળના ફૂલની સુગંધ ક્યાં આવે છે. તે ગરમી, ઠંડી પણ સહન કરી શકતા નથી.

વાસ્તવિક નેતૃત્વ રેલવેના એન્જિન જેવું છે, જે પોતાનામાં અકલ્પ્ય શકિત ભરી રોખ છે અને પોતાની ક્ષમતાને આધારે ભારે બોજથી ભરેલા ડબ્બાઓને ઝડપી ગતિથી સેંકડો-હજારો માઈલ ઘસડીને લઈ જાય છે. આ કામ લાકડાનું એન્જિન કરી શકે નહિ. શકિતના અભાવે તે રમકડાનું એન્જિન કુતૂહલનું સાધન માત્ર બને છે.

શકિત તેઓમાં હોય છે, જેમની -કથની અને કરણી- એક હોય. જે પ્રતિપાદિત કરે છે તેની પાછળ મન, વચન અને કર્મનો ત્રિવિધ સમાવેશ થયેલો હોય તેવા લોકો જ મહત્વપૂર્ણ કામ કરે અને કરાવી શકે. તેનાથી ઊલટું એવું જોવા મળ્યું છે કે જેમનામાં પોલ છે તેમનો બીજા ઉપર સ્થાયી પ્રભાવ પડતો નથી અને પોતાના સાથીઓ સાથે પણ લાંબા ગાળા સુધી સંબંધ રહેતો નથી. તેઓ નાની નાની વાતોમાં અંદરો અંદર ઝઘડવા લાગે છે અને હિંસક પ્રાણીની માફક એકબીજાના લોહના તરસ્યા બને છે. જેવી રીતે ચોર લોકો પૈસાની બાબતમાં અંદરો અંદર ટકરાય છે, તે રીતે નેતાઓ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવવાની બાબતમાં એકબીજાથી આગળ નીકળવાની ઇચ્છા રાખે છે. પુત્રેષણા, વિત્તેષ્ણાને કોઈક રીતે કાબૂમાં રાખી શકાય છે, પણ સસ્તી કિંમતમાં મળનારી લોકૈષણા એવી છે કે જેના લોભ સંભાળ્યો સંભાળતો નથી. કારગત અને પ્રતિષ્ઠિત સંસ્થાઓનો નાશ એ જ કારણે થાય છે કે તેને મહત્વાકાંક્ષી લોકો કાબૂમાં રાખી શકતા નથી.

કોઈના ઉપહાર રૂપે આવેલી અથવા ગમે તે રીતે છીનવી લીધેલી, ચમચાઓ દ્વારા ખોટી રીતે ઊભી થયેલી નેતાગીરી પડધી વગરના લોટા જેવી કે રેતીની ભીંત જેવી છે. તેને સંધ્યાનાં વાદળો જેવી, ધૂપછાંવ જેવી ગણાવી શકાય. તેનાં મૂળ હોતા નથી.

એવું જોવા મળે છે કે જે અધિકારીઓ કે મંત્રીઓને લોકો ઝૂકી ઝૂકીને સલામ કરતા હતા તેમની ખુરશી છિનવાઈ જતા કોઈ તેમનો ભાવ પણ પૂછતું નથી. શાક વેચતો કાછિયો સુધ્ધાં તેમની સાથે ક્યારેક અકડાઈથી વાત કરતો જોવા મળે છે. આ અનુકંપાનો, અનુગ્રહનો ઉપહાર થોડીક ગરબડ થતાં છિનવાઈ પણ શકે છે, પરંતુ જેની પાછળ નક્કર આધાર છે તેને કોઈ હલાવી શકતું નથી. ગાંધીજી કોંગ્રેસના નિયમિત સભ્ય ન હતા, પણ તેમના વગર પાંદડું પણ હાલતું ન હતું. ચૌરાચૌરી કાંડ પછી સત્યાગ્રહ બંધ કરી દીધો હતો, તેથી બધા નેતાઓ ગુસ્સે થયા હતા, પણ જ્યારે મીઠાના સત્યાગ્રહ માટે જરૂર પડી તો તેમને જ આગળ લાવવા પડયા. પં.નહેરુ, પટેલ, માલવિયા, ટિળક, ગોખલે વગેરે મહાનુભાવોનું નેતૃત્વ કોઈના વડે ભેટમાં અપાયેલું ન હતું. તેને તેમણે પૂરેપૂરી કિંમતે મેળવીને ખરીદ્યું હતું.

આજે દેશને લાખો નેતાઓની આવશ્યકતા છે. નેતાઓના ગુણોનું, ચરિત્રનિષ્ઠાનું વર્ણન થાય છે. તેમના કાર્યોની ગણના કરવામાં આવે છે. વાસ્તવમાં એવું ત્યારે જ બની શકશે કે જ્યારે વ્યકિત અંગત જીવનમાં બે શરતો નિભાવે.

એક એ કે તેણે ચિંતન, ચરિત્ર અને વ્યવહારની દૃષ્ટિએ શુદ્ધ અને પ્રમાણિક હોવું જોઈએ. તેના જીવન પર એવા ડાઘ લાગેલા ન હોવા જોઈએ, જેના પર હરકોઈની નજર પડે અને લોકો આંગળી ચીંધે. બીજી એ કે તેનાં કાર્યોમાં સેવાભાવના ગૂંથાયેલી હોવી જોઈએ. તેણે પ્રચારકાર્ય ઉપરાંત એવો પુણ્યપરમાર્થ પણ કરવો જોઈએ., જેનાથી ઉદારતા, સજ્જનતા અને આદર્શવાદિતા પ્રગટ થતી હોય.

જેમની પાસે નથી ચરિત્રની મુડી, નથી સેવાસાધનાનો કોઈ ઇતિહાસ તેઓ તો ખેતરોમાં ઊભેલા ચાડિયા જેવા છે. નજીક જતા ખબર પડે છે કે આ તો લાકડીના ઢાંચા પર ઘડાનું માથું અને ફાટેલા કપડાનો પોશાક પહેરાવેલો છે.

જેણે સાચા અર્થમાં કોઈ મોટા ક્ષેત્રના નેતા બનવું હોય તેણે ચરિત્રનિષ્ઠા ઉપરાંત સેવાકાર્યો માટે સમયદાન-અંશદાનની ઉદારતા પણ બતાવવી જોઈએ. ઉપયોગી સેવાકાર્યોમાં કોઈ પણ જાતના આમંત્રણ વિના જાતે દોડીને ભાગીદાર બનવું જોઈએ.

વાસ્તવમાં ચરિત્રનિષ્ઠા અને સેવાભાવના એકબીજા સાથે પૂરેપૂરાં ગુંથાયેલાં છે. તે એક જ સિક્કાની બે બાજુઓ છે. જયાં એક હશે ત્યાં બીજું પણ અનાયાસે જ સાથે થઈ જશે. લોકસેવા અને ચરિત્રનિષ્ઠા બંને સાથે હોય તો તે નેતૃત્વ વાસ્તવિક અને પ્રભાવશાળી જનોપયોગી નેતૃત્વ કહેવાય છે.

જયાં એ બંનેનો અભાવ છે ત્યાં માત્ર અભિનેતાનો તમાશો જ છે. આજે સાચા અર્થમાં પરમાર્થ પરાયણ નેતાઓની જરૂર છે, જેમની પાછળ ચાલવા માટે અગણિત લોકો સહર્ષ તૈયાર થઈ જાય.

## યુવાવર્ગ નેતાઓનું મૂલ્યાંકન પણ કરે

પ્રત્યેક ક્ષેત્રમાં યુવાનોનું એક એવું સંગઠન બનવું જોઈએ જે નેતાનું મૂલ્યાંકન કરે. પ્રત્યેક ઉમેદવારને એ પૂછવામાં આવે કે આપને શા માટે પસંદ કરવા ? આપનો અત્યાર સુધીનો શું રેકોર્ડ ? આપે સમાજ હિત માટે ક્યાં ક્યાં કાર્યો કર્યા છે ? જો આપ ચૂંટાઈને આવશો તો શું શું કરશો ? આ બધું ઉમેદવારો પાસે લેખિતમાં લેવું જોઈએ અને તેમના અવાજમાં સી.ડી. બનાવવી જોઈએ. જ્યારે એ નેતા ચૂંટાઈ જાય અને તે પોતાના વચનને અનુરૂપ કાર્ય ન કરે તો તેની સી.ડી. આખા ક્ષેત્રમાં સંભળાવવામાં આવે, જેથી તેના વિરોધમાં જનસમૂહ ઊભો થઈ શકે. આ રીતે પ્રત્યેક નેતાનું મૂલ્યાંકન કરવાનું કાર્ય યુવા સંગઠનોએ સંભાળવું જોઈએ.

## નેતા નહિ, સર્જન બનીએ

રાજનૈતિક ચૂંટણી ઉપર નજર કરીએ અને તેનું મૂલ્યાંકન કરીએ તો જોવા મળશે કે હજારો અસફળ ઉમેદવારો એવા છે, જે રાજનીતિમાં દાખલ થઈ વર્ચસ્વ સ્થાપવાની લાલસાથી પરસેવો પાડી રહ્યા છે. તેમણે કરોડો રૂપિયા એ પ્રયાસમાં ખર્ચ્યા છે. આ જોઈ મનમાં પ્રશ્ન ઊઠે છે કે લોકસેવા માટે આટલો ખર્ચાળ માર્ગ કેમી સ્વીકાર્યા હશે ? જેટલી શ્રમશકિત અને ધનશકિત ખોઈ તેનો સદ્ઉપયોગ શું સમાજસેવાના અન્ય કાર્યોમાં થઈ શકે તેમ ન હતો ?

રાજનીતિના ક્ષેત્રમાં વધતી જતી ભીડને જોઈને એ સંદેહ થવો સ્વાભાવિક છે કે તેમાં પ્રવેશ કરનારા સમાજસેવાની નિઃસ્વાર્થ ભાવનાથી પ્રેરિત થઈને આવ્યા નથી. જો કે રાજનીતિને માધ્યમ બનાવનારા બધા સ્વાર્થથી પ્રેરિત હોય છે એવું પણ નથી, પરંતુ એ પણ સાચું છે કે મોટા ભાગની વ્યકિતઓએ સસ્તી પ્રતિષ્ઠા મેળવવાના હેતુથી આ ક્ષેત્રનું અવલંબન લીધું હોય છે. નિઃસ્વાર્થ સેવાભાવનાથી રાજનીતિ ક્ષેત્રમાં આવનારા તો છે, પણ તેમની સંખ્યા અતિ અલ્પ છે. વ્યકિતત્વ વગરના, કહેવાતા નેતાઓને કારણે રાજનીતિનું ક્ષેત્ર રોજ બ રોજ બદનામ થતું જાય છે.

જેનામાં સમાજસેવા તથા લોકસેવાની પવિત્ર ભાવના છે અને ખરેખર દેશ અને સમાજ માટે કશુંક કરવા ઇચ્છે છે તેમને નેતાને બદલે સર્જકની ભૂમિકા નિભાવવા આગળ આવવું જોઈએ. ભારતનું સામાજિક ક્ષેત્ર ખુલ્લું પડયું છે, જેમાં લોકમંગલથી લઈને નવનિર્માણને માટે ખૂબ કામ કરવાની તક છે. આ ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની સ્પર્ધા વગર સાચી લોકસેવા થઈ શકે છે અને એ માર્ગે ચાલતાં ચાલતાં ચિરસ્થાયી યશ અને શ્રદ્ધા મેળવી શકવાનું કોઈના પણ માટે શક્ય છે. સાચું તો એ છે કે દેશના પછાતપણાને દૂર કરવા માટે રાજસત્તા જેટલી સફળ થઈ શકી નથી તેનાથી વધારે સામાજિક ક્ષેત્રમાં કરવામાં આવેલી સેવાસાધના સફળ થઈ છે.

કહેવાની જરૂર નથી કે આ મહાન કાર્ય ધનના ભૂખ્યા તથા સ્વાર્થમાં લપેટાયેલા નેતાઓથી નહિ, પણ ભાવનાશીલ સર્જકોથી જ પૂરું થશે. જે પાયાનો પથ્થર બની શકે, બીજની માફક ઓગળી જાય, વૃક્ષને સતત પોષણ આપનાર મૂળની માફક નવનિર્માણ માટે ભૂમિકા નિભાવી શકે અને વ્યકિતગત મહત્વાકાંક્ષાઓ અને યશની લાલચથી દૂર રહે. ચિરસ્થાયી શ્રેય મેળવવા માટે અને આંતરિક શાંતિ તથા સંતોષ મેળવવા માટે આ સેવામાર્ગથી વધારે સારી ને શ્રેષ્ઠ સાધના બીજી કોઈ હોઈ શકે નહિ.

### સમાજઘડતર માટે નેતા નહિ, સર્જક જોઈએ.

નેતાનો અર્થ છે - સમાજનું નેતૃત્વ કરનાર માર્ગદર્શક. એવા માર્ગદર્શક, જેને સમાજની અગણિત સમસ્યાઓનું સારી રીતે જ્ઞાન હોય. ફકત જ્ઞાન જ ન હોય, પરંતુ એવી ક્ષમતા પણ હોય કે તેમનું નિરાકરણ પણ લાવી શકે. માત્ર જ્ઞાન અને ક્ષમતા જ નહિ, ઇષ્ટ સત્રનું વ્યકિતત્વ હોવું પણ જરૂરી છે. નેતૃત્વ કરવા માટે કોઈ પણ વ્યકિતમાં આ ત્રણ વિશેષતા હોવી અનિવાર્ય છે. જેનામાં એ રહેલી છે તે જ સમાજ તેમજ દેશને સાચી દિશા આપી શકે છે. જે દેશમાં આવા નેતાઓ વધારે હશે તે નિરંતર આગળ વધશે, સતત પ્રગતિ કરશે. જયાં તેમનો અભાવ હશે તે સમાજ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો રહેશે, પછાતપણાથી ગ્રસ્ત રહેશે.

માતૃભૂમિને માટે શહીદી વહોરનાર ભગતસિંહ, આઝાદ, બિસ્મિલ તથા સુભાષના બલિદાનને કયો ભારતીય ભૂલી શકશે ? ધર્મ તેમજ સંસ્કૃતિ માટે હસતા હસતા મરી ફિટનારા બંદાવૈરાગી તથા જોરાવરસિંહનું ઉદાહરણ હવે ક્યાં પ્રાપ્ત થશે ? પટેલ, ગાંધી, નહેરુ, તિલક, અબ્દલ કલામ જેવા નિઃસ્પૃહ તથા કારર્કિદીને લાત મારીને સ્વતંત્રતા સંગ્રામમાં પોતાની ક્ષમતા તેમજ પ્રતિભાની આહુતિ આપનારા નેતાઓ ક્યાં છે ? ગામડે ગામડે, નગરનગરમાં રામાયણની ચોપાઈઓના માધ્યમથી ક્રાંતિના બીજ વાવનાર બાબા રાઘવદાસ હવે ક્યાં નજરે પડે છે ? યુગધર્મને સમજનાર આનંદમઠના સંન્યાસી ક્યાં મળે છે ?

ગરીબો તથા પછાતોનાં દુખદર્દ સમજવા ઘેરેઘેર જઈને ભૂદાનયજ્ઞની જ્યોતિ પ્રગટાવનાર વિનોબા હવે દીવો લઈને શોધવાથી મળશે નહિ. કુરિવાજો, પરંપરાઓ તથા અંધવિશ્વાસની જાળમાંથી સમાજને બહાર કાઢનાર રાજા રામમોહનરાય જેવા સમાજ સુધારકોનાં હવે ક્યાંય દર્શન થતાં નથી. આજના નેતાઓ મૃત્યુભોજન, દહેજ, ખર્ચાળ લગ્નોમાં ખૂબ ભાગ લે છે.

પોતાના સમર્થકો પાસે કુરિવાજોનો વિરોધ કરાવવો તેમની હેસિયતની વાત નથી. પીડિતોને ઉપર ઉઠાવનાર તથા પછાતને માર્ગ દર્શાવનાર વિદ્યાસાગર તો માત્ર હવે સંભારણાનો વિષય બની ગયા છે. કર્મયોગનો અલખ જગાડનાર તથા જ્ઞાનયોગની જ્યોતિ પ્રગટાવનાર વિવેકાનંદ અને દયાનંદ જેવા માર્ગદર્શકો હવે ભાગ્યે જ મળશે.

એવું લાગે છે કે સ્વતંત્રતાપ્રાપ્તિના થોડા દિવસો બાદ જ આપણા દેશમાં નિઃસ્પૃહ નેતાઓની તે પેઢી કાળના ગર્ભમાં સમાઈ ગઈ, જે કોઈપણ જાતના સ્વાર્થ વિના પોતાના શ્રમ તથા પ્રતિભાના જળથી સમાજ તેમજ દેશને અભિસિંચિત કરતી હતી. એકલદોકલ અપવાદોની વાત જુદી છે.

વિશાળ દેશમાં અસંખ્ય સામાજિક, આર્થિક તથા રાજનૈતિક સમસ્યાઓ છે. તેના માટે આગલી હરોળમાં ઉભા રહીને દરેક વર્ગને દિશા આપનાર સેવાભાવી નેતૃત્વ કરનારાઓની મોટી સંખ્યામાં આવશ્યકતા છે.

આમ કહેવા પૂરતું તો ખાદીવેશધારી સફેદ ઠગનેતાઓની દેશમાં ખોટ નથી, જે પોતાને ગાંધીના અનુયાયી ગણાવવામાં તથા તેમના સપનાને સાકાર કરવાની વાતો કરવામાં કુશળ છે. ગલી, મહોલ્લાઓ, ચાર રસ્તાઓ, હોટલ, બજાર તથા કલબોમાં ચક્કર મારતા, પાન ચાવતા, જોરદાર ભાષણ આપતા વરસાદી દેડકાંઓની જેમ ડાઉં ડાઉં કરતા તે કહેવાતા નેતાઓનાં દર્શન તો કરી શકાય છે. તેઓ કોઈ ને કોઈ પદ કે રાજકીય પક્ષની છત્રછાયામાં ઊછરી રહ્યા છે.

પાર્ટીનો ઝંડો બુલંદ કરવા, નારા લગાવવા તથા મંચ પર બકબક કરતા રહેવાથી તેમને એક મોટી રકમ મફતમાં સહેલાઈથી મળ્યા કરે છે. ભોળી જનતાની ભાવનાઓને ઉત્તેજિત કરીને તોડફોડ કરાવવી, હડતાલોને પ્રોત્સાહન આપવું, અવ્યવસ્થા ફેલાવવી એ જ તેમનું મુખ્ય કામ છે. સંજોગવશાત્ કોઈ ઘટના તેમને પ્રખ્યાત બનાવી દે, તો ચૂંટણીમાં ઉભા રહેવાનો અને જીતવાનો તુકકો પણ હાથ લાગી જાય છે. સેવાનો પાઠ ભણ્યા વિના, વ્યકિતત્વની શુદ્ધિ કર્યા વિના સત્તામાં જઈ પહોંચનાર તે અણઘડ વ્યકિતઓના હાથમાં સત્તા જવાથી તે એવો અભિશાપ પુરવાર થાય છે, જેમ કે વાંદરાના હાથમાં તલવાર આવી જાય, જેણે વિચાર્યા વિના માખી મારવાના ચક્કરમાં માલિકનું મસ્તક ઉઠાવી દીધું હતું. આપણું દુર્ભાગ્ય છે કે દેશમાં આવા નેતાઓની ભડી વધતી જાય છે.

સ્પષ્ટ છે કે એવા કહેવાતા નેતાઓની ભડથી સમાજ તેમજ દેશનું કાંઈપણ ભલું થવાનું નથી, જે પોતે જ સ્વાર્થ તથા સંકીર્ણતાની જાળમાં ફસાયેલા છે, જેમને સામાજિક પરિસ્થિતિનું જરા પણ જ્ઞાન નથી, જેમને બીજાઓની સેવા કરવી કષ્ટદાયક લાગે છે, જે થોડાંક ભૌતિક પ્રલોભનોના ધકકાથી તણખલાંની જેમ ઉડવા લાગે છે, જેમનો ન કોઈ ઉચ્ચ આદર્શ છે કે ન સિદ્ધાંત.

ભલા, તેઓ દેશ અને સમાજને શું માર્ગદર્શન આપશે ? કેવી રીતે નેતૃત્વ સંભાળશે ? જો તેઓ સંભાળશે તો તેમને અનુસરનારા લોકો એક ઘેટાનું અનુકરણ કરીને હજારો ઘેટાઓ ખાડામાં પડે છે તે રીતે સમસ્યાઓની ઊંડી ખાઈમાં પડી જશે.

પહેલાં નેતૃત્વ વિશુદ્ધ રૂપે સેવાનો માર્ગ હતો, એક કષ્ટસાધ્ય કાર્ય હતું, જેને અમુક સક્ષમ વ્યકિતઓ જ નિભાવી શકતી હતી. તેઓ કંઈ મેળવતા નહિ, પરંતુ ગુમાવતા જ હતા. સ્વૈચ્છાપુર્વક મુશ્કેલીનો માર્ગ પસંદ કરતા હતા. કોઈ મહત્વાકાંક્ષા વિના તેઓ સમાજમાં પ્રસરેલી પીડા તથા પતનના નિવારણ માટે પ્રયત્નશીલ રહેતા હતા, પરંતુ હવે તો સ્થિતિ તદ્ન અવળી જ થઈ ગઈ છે. બીજા વ્યવસાયોની જેમ નેતાગીરી પણ એક ધંધો બની ગઈ છે. એ વ્યવસાયમાં પોતાનું કંઈ પણ ખર્ચવું પડતું નથી. માત્ર જબાન ચલાવતા રહેવાથી મફતમાં જ એટલું બધું મળી જાય છે કે પોતાની ગાડી સુગમતાથી ચાલતી રહે. અવસરનો લાભ ઉઠાવવાની કલામાં નિપુણ બની જવાથી કોઈ વાર માલામાલ બની જવાનો સંજોગ પણ આવી જાય છે.

વાણીમાં થોડી નિપુણતા પ્રાપ્ત કરવાથી જીવનનિર્વાહનાં બધાં સાધનો આસાનીથી મળી જાય એનાથી ઉત્તમ તેમજ સસ્તો વ્યવસાય બીજો કયો હોઈ શકે ? નેતા બનવામાં અગણિત લાભ છે, એવી મનોવૃતિને કારણે જ લોકો નેતા બનવા ઇચ્છે છે. નોકરી ન મળવાથી, અભ્યાસમાં મન કંટાળવાથી કે ઘરનાંઓનો તિરસ્કાર સહન કર્યા બાદ સુગમ માર્ગ નેતાગીરીનો લાગે છે. એવા લોકો રાજનીતિના ક્ષેત્રમાં નિર્વિઘ્ને ઘૂસી જાય છે. આ મનોવૃત્તિને કારણે રાજનીતિમાં બેકાર વ્યકિતઓની સંખ્યા વધી રહી છે, જ્યારે સાચા નેતાઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે.

થોડાક દસકા પૂર્વે નેતા શબ્દ સાર્થક હતો, પરંતુ હવે એ શબ્દ સન્માનનીય રહ્યો નથી. નેતાનું નામ લેતા જ લોકોની નજરમાં એક એવી આપ ચમતલબી વ્યકિતની તસવી આવી જાય છે, જેને પોતાના સ્વાર્થ સિવાય બીજા કશા સાથે મતલબ નથી. જે ખુરશી તેમજ પદ માટે સામાન્ય લોકોના હિતનો બલિ પણ ચઢાવી શકે છે. અવસર આવતા તે એક પાર્ટી છોડીને બીજીનું શરણ લઈ શકે છે. અમુક વ્યકિતઓને બાદ કરતાં મોટા ભાગનાની સ્થિતિ આવી જ હોય છે. તેથી નેતાના બદલાયેલા સ્વરૂપની જે તસવીર બની છે તે ગરિમામય નથી. હવે નેતાઓની નહિ, દેશને સર્જકોની જરૂરિયાત છે. સર્જક અર્થાત્ નવસર્જનનું સુકાન સંભાળનાર વ્યકિત. રાજનીતિના ક્ષેત્રમાં વ્યકિતઓની ખોટ નથી.

ત્યાં તો ભીડ વધતી જ રહે છે અને કાર્ય સીમિત છે. આજે વિભિન્ન ક્ષેત્રોમાં સર્જકોના એક મોટા સમુદાયની જરૂરિયાત છે. જેઓ ખરેખર સમાજને માટે, દેશને માટે કાંઈ કરવા માંગે છે તેમના માટે સમાજ સેવાનું વિશાળ ક્ષેત્ર ખુલ્લું પડયું છે. રાજનૈતિક ક્ષેત્રના સંઘર્ષ તથા મતભેદોને બધા જાણે છે. તેમાં પદ પ્રતિષ્ઠાની સર્વત્ર પ્રતિસ્પર્ધા છે. સમાજ સેવાના ક્ષેત્રમાં આવું કંઈ પણ નથી. કોઈની સાથે અથડાયા વિના, કોઈની સાથે વેર બાંધ્યા વિના કામ કરતા રહી શકાય છે.

ખરેખર જેમને સમાજ તેમજ દેશ પ્રત્યે કરુણા છે, તેમણે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઇએ કે શું રાજનૈતિક ક્ષેત્રથી અલગ થઈને મહત્વપૂર્ણ કાર્ય ન કરી શકાય ? જેમનામાં સેવા કરવાની ભાવના હશે તેમને અનેક ક્ષેત્ર તથા અસંખ્ય કામ દેખાશે. એવાં કામ શ્રમસાધ્ય તથા કષ્ટસાધ્ય છે એવું વિચારીને મોટા ભાગના લોકો તેમાં પડતા નથી.

દેશની પરિસ્થિતિ તેમજ તેની સાથે જોડાયેલી સમસ્યાઓથી કયો માણસ અપરિચિત છે ? દેશની એક ચતુર્થાંશથી વધારે જનતા આજે પણ નિરક્ષરતાના અંધકારમાં ડૂબેલી છે. કેટલાય લોકોને આજે પણ બે ટંકનું ભોજન મળતું નથી, પોષણના અભાવે પ્રતિવર્ષ કરોડો બાળકો મરી જાય છે. કરોડો કુપોષણનો શિકાર બન્યા છે, લાખોને અપંગતા તથા અંધાપાથી ગ્રસ્ત બનવું પડે છે. રોજગારીના અભાવે કરોડો શિક્ષિત તથા અશિક્ષિત લોકો બેકાર બેઠા છે. અસ્વચ્છતાના કારણે કેટલાય પ્રકારના રોગ વધયા છે અને તેનાથી કેટલાય મરે છે.

પ્રગતિના આ  યુગમાં પણ દેશની અડધી વસ્તી એવા -નારી સમુદાય- ને ઘરની ચાર દીવાલમાં કેદ રહેવું પડે છે. ઉંચનીચની ભાવનાના કારણે લઘુમતી વર્ગ પછાતપણાથી ગ્રસ્ત છે. નરનારીના ભેદભાવથી દર વર્ષે હજારો નિદોર્ષ લોકોને હત્યા કે આત્મહત્યાનો શિકાર બનવું પડે છે. બારમાનું ભોજન, બાળલગ્ન, લાજ કાઢવાની પ્રથા, દહેજપ્રથા જેવા કુરિવાજો સમાજને જર્જરિત બનાવી રહયા છે. આવી અનેક સામાજિક સમસ્યાઓ દેશની સામે મોઢું ફાડીને ઊભી છે. તેમને હલ કરવા માટે અસંખ્ય લોકોએ ખપી જવાની આવશ્યકતા છે.

જે એમ કહે છે કે પદ અથવા સત્તા વિના કાંઈ કરી શકાય નહિ અથવા પૈસા વિના કંઈ પણ થઈ શકે નહિ તેમની નિયત પર સ્વાભાવિક રીતે શંકા જાય છે. સમસ્યાઓ વસ્તુતઃ અજ્ઞાનને કારણે ઉત્પન્ન થાય છે. તેથી જો અજ્ઞાનને દૂર કરી શકાય તો નાણાં વગર પણ તે સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે. ગાંધી, વિનોબા, લોકનાયક જયપ્રકાશ, કાગાવા, ઈશ્વરચંદ્ર, રાજા રામમોહનરાય જેવા અસંખ્ય નેતાઓ પદપ્રતિષ્ઠાથી માઈલો દૂર રહ્યા, છતાં સમાજ તેમજ સંસ્કૃતિ માટે કાર્ય કરતા રહ્યા. જે પદનું બહાનું કાઢે છે તેમણે એમની પાસેથી બોધપાઠ લેવો જોઇએ કે માત્ર વ્યકિતત્વના બળે પણ કાંઈક કરી શકાય છે. તે પરંપરાને અનુસરતા સર્જકોને સમાજ તેમજ દેશના નવનિર્માણ માટે પુનઃઆહ્વાન છે. તેઓ સ્વયં તો કૃતકૃત્ય બનશે જ, પણ બીજા અનેકને દિશા આપવામાં પણ સમર્થ બની શકશે.

તેથી આજે આંદોલનકારી નેતાઓની નહિ, પરંતુ એવા લોકસેવકોની જરૂર છે, જે જનમાનસમાં જાગૃતિનો પ્રકાશ ઉત્પન્ન કરવાનો અવિરત પ્રયત્ન કરવામાં નિરંતર લાગ્યા રહે. આંદોલનોનો આવેશ વિક્ષોભ પેદા કરે છે. આક્રોશથી તોડફોડ જ થઈ શકે છે, સર્જન શક્ય નથી. સર્જનને માટે ખંત અને મહેનત જોઇએ.

ધ્વંસ સરળ હોય છે, જ્યારે સર્જન કઠિન છે. નિર્માણમાં બુદ્ધિકૌશલ, નૈષ્ઠિક શ્રમશીલતા અને સાધનોની આવશ્યકતા રહે છે. આ મંજિલ કઠિન અને લાંબી છે, પરંતુ તેનો બીજો કોઈ વિકલ્પ નથી. સર્જન તો સર્જનની રીતે જ થશે. તેને કુશળ શિલ્પી પોતાની સખત મહેનત અને મનની એકાગ્રતાથી જ પૂર્ણ કરી શકે છે. તે પણ ત્યારે કે જ્યારે તેમનું ધૈર્ય અને સાહસ પણ લગનની સાથે અભિન્ન રૂપે જોડાયેલું રહે.

કાલ પરમ દિવસ સુધીની અજાણી વ્યકિત કોઈ તોડફોડ કરી આક્રોશ ભડકાવવામાં સફળતા પ્રાપ્ત કરીને આજનો ધુરંધર નેતા બની શકે છે. આ હાથચાલાકી હવે એટલી સસ્તી થઈ ગઈ છે કે તેને અપનાવનારા લોકો ચોમાસાના જીવજંતુઓની જેમ ઝડપથી વધી રહ્યા છે.

એવા નેતાઓને દેશના જનમાનસ અને જનજીવનને અશાંત, અવ્યવસ્થિત અને દિશાશૂન્ય કરી નાંખ્યા છે. નેતાઓની વૃદ્ધિ હવે અપરાધી તત્વોની વૃદ્ધિની જેમ એક સંકટ ભરેલી સમસ્યા બની ગઈ છે.

આજના સમયનો પોકાર છે કે નેતા નહિ, પણ સર્જક જોઇએ, એવા નિઃસ્વાર્થ સેવાપરાયણ સર્જકો કે જે કીર્તિની ઝંખનાથી દૂર રહીને જનજાગૃતિનું તથા વ્યકિત નિર્માણનું કાર્ય પૂર્ણ શ્રદ્ધા અને તત્પરતાપૂર્વક કરતા રહે. જે ભાષણથી નહિ બલકે પોતાના ચારિત્ર્યથી બીજાઓને ઉત્કૃષ્ટતાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપી શકે. આ શ્રમસાધ્ય તથા સમયસાધ્ય કાર્ય છે. આ માટે પહેલા તેમણે પોતે સાધના કરવી પડે છે. ઉત્કર્ષનું શિક્ષણ આપવાના અધિકારી તે જ બને છે, જે પોતાનો ઉત્કર્ષ સાધવાની તથા તપસાધના કરી શકવાની અગ્નિપરિક્ષામાં પાસ થાય.

પહેલાંથી જ ઘણો ધ્વંસ થઈ ચૂકયો છે. તેમાં નેતાગીરીની તથા તોડફોડની એક બીજી કડી જોડવાથી વધારે નુકસાન થશે. લાભ તો સર્જનથી જ છે. સર્જનશકિતનો મર્મ સમજનારા અને એના પર ઉંડો વિશ્વાસ મૂકીને ત્યાગ બલિદાનનો આદર્શ રજૂ કરીને અગ્રેસર થનારા માનવતાના શિલ્પીઓની જ આજે જરૂર છે. સમાજ સર્જકોની જ માગણી કરી રહ્યો છે.